


# બારડોલીમાં અધિવેશન અને એક્ઝિબિશનનું આયોજન થયું

લેઉવા પાટીદાર સમાજ ઓફ યુએસએની રિજયનલ કોન્ફરન્સનું આયોજન તા. ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૭નાં રોજ બારડોલી મુકામે સ્વરાજ આશ્રમમાં બપોરે ૩.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન યોજવામાં આવ્યું હતું.

ભારતીય સ્વાતંત્ર્યનાં ઈતિહાસમાં સુવર્ણઅંકિત બારડોલી સત્યાગ્રહ દ્વારા આઝાદીના જંગનાં મંડાણ કરનાર વલ્લભભાઈ પટેલને આ જ સ્થળેથી મહાત્મા ગાંધીજીએ સરદારનું બિરૂદ આપી નવાજ્યા હતા અને ત્યારથી આપણા આ પટેલ 'સરદાર' તરીકેની ઓળખ પ્રતિષ્ઠા સાથે આપણા પટેલોનું ગૌરવ બની ગયા.

સ્વરાજ આશ્રમ બારડોલીમાં હજુ આજે પણ સરદારશ્રીની સ્મૃતિમાં નાનકડું મ્યુઝીયમ પ્રેક્ષણીય બની રહ્યું છે. તો ગાંધીજી, સરદાર અને સરદાર પુત્રી મણીબેન તથા ગાંધીજીનાં રહસ્યમંત્રી મહાદેવભાઈ દેસાઈના રહેવાસનાં રૂમોને અંકબંધ રાખ્યા છે.

**કોન્ફરન્સ કમ એક્ઝીબીશન:** દિવ્ય ભાસ્કર અને પરછાઈ એક્ઝીબીટર્સે સયુંક્ત ઉપક્રમે LPS of USAની આ કોન્ફરન્સનું યજમાનપદ સ્વીકાર્યું હતું.



ભગુભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

તા. ૨૧, ૨૨ અને ૨૩ ડિસેંબર ૨૦૦૭ દરમિયાન સ્વરાજ આશ્રમ બારડોલી સ્થળે એરકન્ડીશન્ડ ડોમમાં એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. એક્ઝીબીશનમાં ડાયમંડ જ્વેલરી, સ્વરાજ આશ્રમના હેન્ડમેઈડ અને કલાકૃતિવાળા વિવિધ આર્ટીકલ્સ, ટેક્સટાઈલ, રેડીમેઈડ ગારમેન્ટ્સ, મેડીકલ ટ્રીટમેન્ટ માટેની સુવિધા માટે જાણકારી આપતી હોસ્પિટાલ્સનાં સ્ટોલ્સ, બ્યુટી ક્લીનીક્સ, ઈમીટેશન જ્વેલરી જેવા વિવિધ સ્ટોલ્સ હતા.

૨૩મી ડિસેંબરે લેઉવા પાટીદાર સમાજ ઓફ યુએસએની દ્વિતીય એનઆરઆઈ કોન્ફરન્સમાં મુખ્ય મહેમાન અને જાણીતા કોલમિસ્ટ કાંતિ ભટ્ટે કહ્યું હતું કે રાજકારણ કે સમાજ ક્ષેત્રે યોગ્ય નેતૃત્ત્વનો અભાવ જણાય છે. પાટીદારોના સરદાર પછી બીજા સરદાર નજરે પડતા નથી. પાટીદારો પાસે સાહસિકતા, સંઘર્ષવૃત્તિ અને નેતાગીરીનાં ગુણો છે. લોકશાહીમાં માત્ર ટોળાશાહી નહીં ચાલે, નેતૃત્ત્વના ગુણો જન્મજાત ભલે પાટીદારોમાં હોય, નેતૃત્વ કેળવવા માટેની ટ્રેનિંગનો અભાવ છે એટલે એનઆરઆઈ પાટીદારોએ સ્કૂલ ઓફ લીડરશિપ સ્થાપવી એ સમયની માંગ છે. તો જ બીજા સરદાર પાકશે. કાંતિ ભટ્ટે વધુમાં એનઆરઆઈ પાટીદાર યુવતીઓ કેમ સમાજ અને અન્ય ક્ષેત્રે આગળ આવતી નથી એવા પ્રશ્ન સાથે યુવતીઓનાં વિકાસ પર ભાર મૂક્યો હતો.

લેઉવા પાટીદાર સમાજ ઓફ યુએસએના પ્રેસિડેન્ટ ભગુભાઈ પટેલે પોતાના સ્વાગત પ્રવચનમાં પાટીદારોને અપીલ કરતા જણાવ્યું હતું જે જમાનામાં કોમ્યુનિકેશનનાં સાધનો ન હતાં અને નવરાશનો સમય વધુ હતો ત્યારે લગ્ન કે ધાર્મિક પ્રસંગોએ ઘેર ઘેર જઈ આમંત્રણ આપવું એ પ્રથા હતી. આજે કોમ્યુનિકેશનનાં સાધનો હાથવગાં છે ત્યારે, ઘેર ઘેર જઈ ગામોગામ ફરી સંબંધીઓને આમંત્રણ આપવાનું કાર્ય કપરું થઈ પડે છે. આપનાર અને લેનાર એમ બંનેનો સમય ખૂબ બગડે છે. વાહનવ્યવહાર હવે ખૂબ ખર્ચાળ છે. સમય કિમતી છે એટલે કંકોત્રી કે ફોન મળ્યેથી જ નિમંત્રકનું આમંત્રણ સ્વીકારી લેવું જોઈએ.

ભગુભાઈએ સભાના પ્રારંભે મુખ્ય પ્રધાન મોદીની જીતનાં વધામણાં આપતાં શ્રોતાઓએ તાળીઓનું સમર્થન આપી વધાવી લીધા હતા.

દીપક પટેલ, ધનસુખ 'ડેન' પટેલ, ડાહ્યાભાઈ પટેલે સંસ્થાકીય ગતિવિધઓથી ઉપસ્થિતોને પરિચિત કર્યા હતા. આહોવા દ્વારા $૪૫૦૦૦નો ચેક બારડોલી હોસ્પિટાલને અર્પણ કરવામાં આવ્યો હતો. વિવિધ સંસ્થા મળી બે લાખથી વધુનાં અનુદાનો જે તે સેવા સંસ્થાઓના અગ્રણીએ સ્વીકાર્યા હતા. સહુએ આ પ્રયાસ થકી અભૂતપૂર્વ સફળતા બદલ આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

દ્વિતીય ઉપપ્રમુખ મુકેશભાઈ માવજીએ એમની લાક્ષણિક અદા સાથે આભારવિધિ આટોપી હતી. કોન્ફરન્સ બાદ સુંદર ફેશન શોનું આયોજન સહુએ માણ્યું હતું. અલબેલા ખત્રીએ સહુને પેટ પકડીને હસાવ્યા હતા.

તા. ૨૧ થી ૨૩ ડિસેંબર સુધી લેઉવા પાટીદાર સમાજ ઓફ યુએસએના આંતરરાષ્ટ્રીય વિભાગીય અધિવેશનના આયોજન નિમિત્તે યોજેલ વેડિંગ એક્ઝિબિશનને બારડોલી અને આસપાસના ગામોમાંથી આવેલાં એનઆરઆઈ તથા બારડોલીની જાહેર જનતાએ બારડોલીમાં પ્રથમવાર એ. સી. ડોમમાં વિવિધ સ્ટોલોની મુલાકાત લઈ જબરજસ્ત પ્રતિસાદ આપ્યો હતો. તા. ૨૧મી ડિસેંબરે આ એક્ઝિબિશનનું ઉદ્‌ઘાટન સમાજના પ્રમુખ ભગુભાઈ પટેલનાં શુભહસ્તે રિબિન કાપીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને ઉપસ્થિત બોર્ડ સદસ્યોએ તાળીઓથી વધાવી લીધો હતો.

પ્રમુખ ભગુભાઈ પટેલે સમગ્ર આયોજનને સફળતાપૂર્વક પાર પાડવા માટે આભારની લાગણી વ્યક્ત કરી અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે નવોદિત મોડલ અને અભિનેત્રી આરઝુ ગોવિત્રીકરે પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં પ્રથમ ઉપપ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, દ્વિતીય ઉપપ્રમુખ મુકેશભાઈ માવજી, ટ્રેઝરર સુરેશ પટેલ, ગુણવંત પ્રેમા, ડેન પટેલ, મેગેઝિન એડિટર અરવિંદ પટેલ, દીપક પટેલ (સરદાર), મહેન્દ્ર પટેલ અને દલુભાઈ પટેલ, પ્રફુલ પટેલ, જશુબેન પટેલ, સુરેખા પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.



ફેશન શોમાં મોડેલોએ કેટવોક કર્યું હતું